જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૧૮ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર, ૧૭૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ૦૬ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૩૯/૧૮**

**વટવાઃ** પ્રમોદકુમાર રામબહાદુર શર્મા (રહે,જલધારા એપાર્ટેમેન્ટ કલીકુંજ સરોડા રોડ ધોળકા તા.ધોળકા જી.અમદાવાદ) એ તા.૫/૧/૧૮ રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧/૧૮ કલાક ૬/૦૦ થી તા.૫/૧/૧૮ કલાક ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા ઘોડાસર પી.ડી.પંડ્યા કોલેજ રોડ, સ્મૃતિ મંદિર પાસે કૃષ્ણકુંજ ટેનામેન્ટ ખાતે આવેલ પોતાના મકાનની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના તથા ચાંદીની લગડીઓ તથા સિક્કા મળી કુલ કિમત રૂપિયા ૯૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૧,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

**ઇસનપુરઃ** ઉમેશભાઇ સ/ઓ શાંતારામ વાણી (રહે,રાધેકૃષ્ણ કોમ્પલેક્ષ, મુક્તજીવન સ્કુલ પાસે ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧/૧૮ રાતના ૯/૦૦ થી તા.૫/૧/૧૮ સવારના ૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઇસનપુર ઘોડાસર આવકાર હોલ પાસે ખડાયતા ભુવન લક્ષ્મી કોલોની ખાતે આવેલ ઉમેશભાઇના પિતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૦/૧૮</u>**

**એલીસબ્રીજ:** પરેશભાઇ શામભાઇ રૂઘટા (રહે,ધરણીધર સોસાયટી ધરણીધર દેરાસરની બાજુમા ધરણીધર) એ તા.૪/૧/૧૮ સાંજના ૬/૦૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન પરિમલ ચાર રસ્તા ખાતે આવેલ એમરલ મોટર્સની નજીક પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- તથા ઓફિસના પરચુરણ કાગળો સાથેની બેગ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ પરેશભાઇ રૂઘટાએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.જેબલિયા ચલાવે છે.

**<u>ત્યજી દિધેલ હાલતમાં ભુણ મળી આવ્યુ. :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૧/૧૮</u>**

**દાણીલીમડા:** તા.૫/૧/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પીરાણા ડમ્પીંગ સાઇડ કચરાના ઢગલાં ઉપરથી ત્યજી દિધેલ હાલતમાં મૃત ભૃણ મળી આવતા દાણીલીમડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:</u>** **<u>સમાચાર યાદી નં.૪૨/૧૮</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન:** પ્રહલાદકુમાર મહેશસિહ ચૌહાણ (ઉ.વ.૩૩)(રહે,પ્રેમસાગર એપાર્ટમેન્ટ ગોપાલચોક મણીનગર) તા.૫/૧/૧૭ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે જવાહરચોક ચાર રસ્તા થી ગોપાલચોક ચાર રસ્તા તરફ જતા કિશોર જવેલર્સ નામની દુકાન સામેથી બીઆરટીએસ રોડ ક્રોસ કરતા હતા ત્યારે બીઆરટીએસ બસ નંબર ૬૫૩૪ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પ્રહલાદકુમારને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૬/૧/૧૭ કલાક ૩/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર પ્રહલાદકુમારના ભાઈ રામકુમારે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.નાગોરી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૩/૧૮</u>**

**નિકોલ:** નવનીતભાઇ દુર્ગાદાસ બંગાળી (ઉ.વ.૩૯)(રહે,સ્વામી વિવેકાનંદનગર ચાર માળીયા મંગલપાંડે હોલની સામે, નિકોલ) એ અગમ્ય કરણસર તા.૦૫/૦૧/૧૮ કલાક ૧૦/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક્માં વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચીમનસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.